# માતૃપ્રેમનાં કાવ્યો



સંકલન

## શ્રી લાલજીભાઇ બી. પંચાલ

મ.શિક્ષક

## શ્રી હાથીપુરા પ્રા. શાળા

## તા- પાટડી જિ- સુરેન્દ્રનગર

મો.નં- 94273 23046

Blog:-laljibhaipanchal.blogspot.in

# મા ના ગુણ

હતો હું સૂતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનું ?
મને દુ:ખી દેખી દુ:ખી કોણ થાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

સૂકામાં સુવાડી ભીને પોઢી પોતે,
પીડાં પામી પંડે તજે સ્વાદ તો તે ;
મને સુખ માટે કટું કોણ ખાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

લઇ છાતી સાથે બચી કોણ લેતું ?
તજી તાજું ખાજું મને કોણ દેતું ?
મને કોણ મીઠાં મુખે ગીત ગાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

પડું કે ચડું તો ખમા આણી-વાણી,
પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી ;
પછી કોણ પોતાતણું દૂધ પાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

- કવિ દલપતરામ

## માં તે માં , બીજા વગડાનાં વા

સુખ તો સર્વે મળે જગતમાં ,
એક મળે નહીં માં
માં તે માં , બીજા વગડાનાં વા

ભીની તે કોર સુવરાવી
જતન અમારા તે તો કીધા
હેતનાં હિંડોળે ઝુલાવી
ફૂલનાં ઓશિકા તેં દીધાં
મારા દર્દને એ તો જાણે
સમજી જાતી પલકમાં
માં તે માં , બીજા વગડાનાં વા

અસહ્ય વેદના વેઠી
મારા સુખની કાજે
ભૂલશો એ નહીં મા છે
એમાં સાક્ષાત્ પ્રભુજી બિરાજે
અમી ભરેલી એવી આંખડી
ક્યાં મળશે જગતમાં
માં તે માં , બીજા વગડાનાં વા

## મા મને કોઇ દિ સાંભરે નૈ (રવિન્દ્રનાથ ટાગોર-અનુ.ઝવેરચંદ)

કેવી હશે ને કેવી નૈ
મા મને કોઇ દિ સાંભરે નૈ
કોઇ દિ સાંભરે નૈ
મા મને કોઇ દિ સાંભરે નૈ

કોક કોકવાર વળી રમત વચાળે મારા
કાનમાં ગણગણ થાય
હું તુ તુ તુની હડિયાપાટીમાં
માનો શબદ સંભળાય
મા જાણે હિંચકોરતી વઇ ગઇ
મા મને કોઇ દિ સાંભરે નૈ

શ્રાવણની કોક કોક વે'લી સવારમાં
સાંભરી આવે બા
પારિજાતકની મીઠી સુગંધ લઇ
વાડીએથી આવતો વા
દેવને પૂજતી ફૂલ લૈ લૈ
મા એની મ્હેક મ્હેક મેલતી ગઇ
મા મને કોઇ દિ સાંભરે નૈ

સૂવાના ખંડને ખૂણે બેસીને કદી
આભમાં મીટ માંડું
માની આંખો જ જાણે
જોઇ રહી છે મને
એમ મન થાય ગાંડું
તગતગ તાકતી ખોળલે લૈ
ગગનમાં એ જ દગ ચોડતી ગૈ
મા મને કોઇ દિ સાંભરે નૈ..
(રવિન્દ્રનાથ ટાગોર-અનુ.ઝવેરચંદ)

## જનની

મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠી તે મોરી માત રે
જનનીની જોડ સખી ! નહી જડે રે લોલ.

પ્રભુનાં એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે... જનનીની જોડ....
અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એના વેણ રે... જનનીની જોડ....
હાથ ગૂંથેલ એનાં હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે... જનનીની જોડ....
દેવોને દૂધ એનાં દોહ્યલા રે લોલ,
શશીએ સિંચેલ એની સોડ્ય રે... જનનીની જોડ....
જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યાં  કોડ રે... જનનીની જોડ....
ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે... જનનીની જોડ....
મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતા ખૂટે ન એની લહાણ રે... જનનીની જોડ....
ધરતી માતા એ હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે... જનનીની જોડ....
ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે... જનનીની જોડ....
વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે...  જનનીની જોડ....
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે... જનનીની જોડ....
જનનીની જોડ સખી ! નહી જડે રે લોલ.

- કવિ બોટાદકર (દામોદર ખુશાલદાસ બોટાદકર)

# મમતાનો વીરડો રે મારી માવડી

હે.. એવો મમતાનો વીરડો રે મારી માવડી.
હે.. વહે સદા આંખે અમીધાર રે માવલડી મારી.

હે.. એવા મધથી રે મીઠડાં તે તારા વેણલાં
હે.. હોઠે ઝરે હેત ભારોભાર રે માવલડી મારી.
મમતાનો વીરડો રે.....

હે.. એવા પથરાં રે જેટલાં રે પૂજ્યા દેવને .. (2)
હે.. નવ નવ મહિના કોઠે જીલ્યા વાર રે માવલડી મારી.
મમતાનો વીરડો રે.....

હે.. એવા ભીને રે રહીને સૂકે સૂવાડાવ્યા
હે.. કેમ ભૂલું હું મા તારા ઉપકાર રે માવલડી મારી.
મમતાનો વીરડો રે.....

હે.. જનની જાણે જગદંબાનું રૂપ રે માવલડી મારી.
હે.. એવો મમતાનો વીરડો રે મારી માવડી.
મમતાનો વીરડો રે.....

- લોકગીત

# મા

જગતનાં સર્વ સુખોથી ભલે જીવન સભર લાગે
ખજાનો સાવ ખાલી મા મને તારા વગર લાગે.

નથી એ હાથ હૂંફાળો નથી એ મેશનું ટીલું
મને એથી જ હર ડગલે હવે દુનિયાનો ડર લાગે.

છે મારા નામ પર આજે રૂપાળાં કૈંક છોગાઓ
ન ’બેટા’ કોઇ કહેનારું મને વસમી કસર લાગે.

જીવનનાં સર્વ સંઘર્ષોમાં સાંગોપાંગ નીકળતો
મને તારી દુવાઓની જ એ નક્કી અસર લાગે.

હજી મારી પીડા સાથે નિભાવ્યો તેં અજબ નાતો
હજી બોલી ઊઠું છું ‘ઓય.. મા’ ઠોકર અગર લાગે’

સદા અણનમ રહેલું આ ઝૂકે છે તારા ચરણોમાં
મને ત્યારે હિમાલયથી યે ઉન્નત મારું સર લાગે.

- કિશોર બારોટ